# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૧૩-૪-૨૦૨૩

રાજ્યમાં વિવિધ સરકારી વિભાગોની ભરતી પરીક્ષામાં વારંવાર પેપર લીકની ઘટનાઓને લીધે ગુજરાતના લાખો યુવાનોના ભાવિ જોખમાઈ રહ્યું છે. સરકારી ભરતીમાં મોટા પાયે ગેરરીતિ, ભ્રષ્ટાચાર, મેરીટમાં ગોટાળા થાય ત્યારે ભાજપ સરકાર પરીક્ષા લેવામાં નીતનવા ફરમાનોથી યુવાનોને અન્યાય થઈ રહ્યો છે તેવો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી જગદીશ ઠાકોરએ પત્રકાર પરિષદે સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં તલાટી માટે યોજાનાર પરીક્ષામાં ૧૭ લાખ અરજી કર્તાઓને ભાજપ સરકાર અન્યાયકર્તા ફરમાનો કરી રહી છે. પારદર્શક પરીક્ષા લેવામાં સતત નિષ્ફળ ભાજપ સરકાર તલાટીની જાહેર પરીક્ષાના ઉમેદવારોને યોગ્ય વ્યવસ્થા આપવામાં પણ સદંતર નિષ્ફળ નીવડી રહી છે. શાળા – કોલેજના રૂમ પરીક્ષાખંડ તરીકે મળતા નથી. ભાજપના વાહવાહી માટેના સંમેલનોમાં ભીડ ભેગી કરવા શાળા-કોલેજોને આદેશ અપાય છે ફરજ પડાય છે પણ ગુજરાતના યુવાનોના ભવિષ્ય માટે જરૂરી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા માટે કેમ જવાબદારીમાંથી સરકાર ભાગી રહી છે ? મોંઘુ શિક્ષણ ભાજપ સરકારની ભેટ છે, યોગ્ય સમયે પરીક્ષા ન લેવાય, પરીક્ષા લેવાય તો પરિણામ ન આવે, પરિણામ આવે તો યોગ્ય સમયે નિમણૂક ન થાય, આમ ભાજપની અટકાવવા-લટકાવવા-ભટકવાની નીતિનો ભોગ ગુજરાતનાં યુવાનો બની રહ્યા છે. ગુજરાતમાં ભાજપ સરકારનાં રાજમાં વારંવાર પેપરલીક થાય, પરીક્ષામાં ગેરરીતિ થાય, મેરીટમાં ગોટાળા એ ભાજપની ઓળખ બની ગયો છે. ચમરબંધીને પકડવાની વાતો કરતી ભાજપ સરકાર ૧૪-૧૪ પેપરલીક બાદ પણ એક પણ ઉદાહરણરૂપ કામગીરી-દાખલો પ્રસ્થાપિત કરી શકી નથી. જેના કારણે લાખો શિક્ષિત યુવાન-યુવતીઓ નિરાશા અનુભવી રહ્યાં છે તેના પરીણામ તાજેતરમાં યોજાયેલ જુનિયર કલાર્કની પરીક્ષામાં ૫૯ ટકા યુવાન-યુવતીઓ પરીક્ષા આપવાથી દૂર રહ્યા હતા.

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતમાં સરકારનાં પ્રવક્તા મંત્રીનું નિવેદન જ સ્પષ્ટ દેખાડે છે કે ભાજપ સરકાર પારદર્શક પરીક્ષા તો લઈ શકી નથી પણ હવે તો પરીક્ષા માટે જરૂરી ખંડોનું આયોજન પણ કરી રહી નથી. ભાજપ સરકારમાં ગુજરાતના યુવાનોને સમયસર તક મળતી નથી, પરીક્ષાઓના આયોજન માટે નીતનવા નિયમોથી પરીક્ષાર્થીઓ અને ખાસ કરીને દીકરીઓને ૩૦૦ થી ૪૦૦ કિ.મી દૂર પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. જેના કારણે પરીક્ષાર્થીઓને આગલા દિવસે રાત્રે જે તે જિલ્લાઓમાં પ્રવાસ કરવો પડ્યો. દીકરીઓ સાથે પરિવારના એક સભ્યએ ફરજિયાત જવું પડ્યું. ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના દીકરા-દીકરીઓએ ફરજિયાત ખર્ચ કરવો પડ્યો. આ કેવી વ્યવસ્થા કે જેના કારણે પરીક્ષાર્થીઓ પરેશાન થાય ? રાજ્ય સરકાર વહીવટી વ્યવસ્થા સુધારે તે અગત્યનું છે નહિ કે ગુજરાતના યુવાન -યુવતીઓને પરેશાની ભેટ આપવાની અવ્યવસ્થા…!

ગુજરાતના સ્થાપના દિવસ ૧લી મેના રોજ ભાજપ સરકાર દરેક ગામમાં ગ્રામસભા બોલાવીને માત્ર જે તે ગામના શિક્ષિત-અર્ધશિક્ષિતની નોંધણી કરવામાં આવે તો લાખોની સંખ્યામાં બેરોજગાર યુવાનોની રોજગાર વિશેની સાચી હકીકતો સામે આવે. સરકારના દાવાનો પરપોટો ફુટી જાય. ગ્રામસભામાં હજારો સમસ્યા સામે આવે છે. પણ, રાજ્ય સરકાર સાચી રીતે ગ્રામસભાની કાર્યવાહી કરતી નથી જેના લીધે ગ્રામ્ય વિસ્તારના નાગરિકો અનેક સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. ખેડૂત-ખેતી ગામડાની વિષમ સ્થિતી, મોંઘુ શિક્ષણ, મોંઘવારી, બેરોજગારી, કથળી ગયેલ કાયદો વ્યવસ્થા સહિતના વિવિધ સળગતી સમસ્યાઓના મુદ્દે કોંગ્રેસ પક્ષ સતત બે મહિના વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમ આપશે.


હિરેન બેંકર
પ્રવક્તા,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૭૨૩૫૫૦૩૫૫